

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*તપાસનાં કેન્દ્રને અંદરોઅંદર લડાવી દીધું!*
*ન્યાય-મંદિરને પણ ચગડોળે ચડાવી દીધું!*
*રડાવી દીધી સેનાને શસ્ત્ર-સોદામાં બદનામ -*
*ઉતારી કપડાં અર્થતંત્રનાં નવડાવી દીધું!*

### હાઈકુ

*ચાલે ન બુદ્ધિ,*
*ભાંગ-ભોડ-સિવાય -,*
*ચંગુ-મંગુની...*

*ભાગલાવાદી*
*છે લોહીના સંસ્કાર*
*ગુનાઈતોના...*

### ચિંતન

***તન્માત્મનઃ કારણમસ્ય જન્તો બંન્ધન્સ્ય મોક્ષસ્ય ચ વા વિધાને ।***
***બન્ધસ્ય હેતુર્મિલનં રજોગુણૈ મૌક્ષસ્ય શુદ્ધં વિરજસ્તમસ્કમ્ ॥***

**ઉપરોક્ત શ્લોક ડિવાઈન સંસ્કૃત સુભાષિતમાંથી લેવામાં આવેલ છે.**

**આ (પુરુષ)ના બંધન તેમજ મોક્ષના સર્જનમાં મનકારણ છે, રજોગુણ વડે (રજમાંથી પેદા થયેલા કામક્રોધ લોભથી) મલિન બનેલું મન બંધનનું કારણ છે અને રજ તેમજ તમોગુણથી મુક્ત થયેલું શુદ્ધ મન મોક્ષનું કારણ છે.**

**રજસ અને તામસી ગુણોમાંથી ઉત્પન્ન કામ-ક્રોધ-લોભ-મોહનાં કારણો મનની વૃત્તિને મલિન કરે છે. અને બંધનનું કારણ બને છે.**

**સાત્ત્વિક મન-વિચારથી મન મુક્ત થાય છે અને મોક્ષમાં મદદરૂપ થાય છે.**

### સુવિચાર

- કોઈ પણ વિચારને બળથી દબાવી દેશો નહીં, કારણ કે સમય આવ્યે એજ વિચાર તમારા મતને બળથી દબાવી દઈ શકે - **રસેલ**
- સમજ જ્ઞાનમાં પરિણામ પામે એટલે વર્તનમાં પરિણામ પામે - **આપ્તસૂત્ર**
- જયારથી અજ્ઞાન ઊભું થાય છે ત્યારથી દેહ સાથે સંબંધ શરૂ થાય છે ને જ્ઞાન મળવાથી છૂટું થાય છે - **દાદા ભગવાન**
- શીલવાન વગર વચન બળ ઉત્પન્ન ના થાય - **ડો. મુકુલ ચોકસી**
- સર હો સજદે મેં, દિલ મેં દગાબાજી હો, એસે સજદોં સે ભલા, કૈસે ખુદા રાજી હો.... - **રજનીશ**
- વહેણ બદલતી નદી અને વર્તન બદલતી વ્યક્તિ હંમેશા વિપત્તિ લાવે છે - **અખંડ આનંદ**
- આજનું ઔષધ : કપૂરને ગરમ પાણીમાં ઉમેરી માથાના દુઃખાવામાં લમણા ઉપર લેપ કરવાથી માથાનો દુખાવો મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

પશ્યતિ સ પશ્યતિ. અર્થાત જે જોઈ શકે છે તેને જ દેખાય છે. એક દુકાનદારે નવી ચીજો વેચવાની શરુઆત કરી. વેચાણ વધારવા માટે તેણએ ચોપાનિયા છપાવ્યા. અને દુકાનની બહાર ચાર રસ્તા ઉપર એક યુવાનને કહ્યું કે જે પણ અહીંયાથી નીકળે તેને આપણી દુકાનનું ચોપાનીયું આપવાનું. યુવાન આવતા જતા સૌને ચોપાનિયું આપતો જાય અને લોકો તે વાંચે શાના ? તો તો તેને ડૂચો વાળીને ફેંકી દે અને ચાલતી પકડે. દુકાનદારે જોયું કે આ તો ચોપાનિયા વહેંચવાના અને છપાવવાના ખર્ચા માથે પડી રહ્યા છે. તો હવે કરવું શું ? સામાન્ય રીતે બીજાને ન 'દેખાય' તે વેપારીને 'દેખાયું' તેણે એ છોકરા પાસે ચોપાનિયાના ડૂચા વળાવી દીધા. અને પછી પેલા યુવાનને કહ્યું આ ડૂચા તારે લોકોને વહેંચી દેવાના છે. લોકોને હાથમાં ચોપાનિયાના ડૂચા મળે એટલે એ લોકો કુતૂહલને કારણે તે ખોલી નાખતા. ને તેમાં શું લખ્યું છે તે સહેજપણે વાંચતાં. આમ લોકો એ જ ચોપાનિયું ફેંકી દેવાનું રાખ્યું હતું. તે જ બાબતને પોતાના હિતમાં કઈ રીતે ઉપયોગ થાય તે દુકાનદારે ખોળી કાઢ્યું.

# રાજવીઓના ત્યાગને બિરદાવવા જરૂરી

**તંત્રીસ્થાનેથી...**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અંગત પત્ર લખીને પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ રાષ્ટ્રીય એકતાના કર્ણધાર - શિલ્પી લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની આભ ઊંચેરી પ્રતિમાના અનાવરણ પ્રસંગે એક વીસરાઈ ગયેલા મુદ્દા પરત્વે ધ્યાન દોર્યું છે. ભાવનગરના મહારાજા કૃષ્ણકુમાર સિંહે ભારતીય સંઘ (ફેડરેશન ઑફ સ્ટેટ્સ) સાથે સૌથી પહેલાં સમર્પણ કર્યું હતું એ ઈતિહાસ જાણીતો છે. યુવાન વયના મહારાજા આ મુદ્દે ગાંધીજી સાથે પણ ચર્ચા કરવા ગયા હતા, ત્યારે એક વખતના શામળદાસ કૉલેજના વિદ્યાર્થી મહાત્મા ગાંધીએ એમને પોતાના રાજા તરીકે સ્વીકારી સન્માનપૂર્વક વર્તવાનો વિવેક દાખવ્યો હતો. કૃષ્ણકુમારસિંહની રાષ્ટ્ર ભક્તિથી આખો દેશ અને રાજવંશી પરિવારોના સભ્યો પ્રભાવિત થયા હતા. એમને સરદાર પટેલે મદ્રાસના ગર્વનર પદે નીમ્યા હતા. કૃષ્ણકુમારસિંહજી જેવા પ્રજાપ્રિય રાજવી પર વિદ્વાન સાહિત્યકાર ગંભીરતસિંહ ગોહિલે 'પ્રજાવત્સલ રાજવી' શીર્ષકથી વિસ્તૃત જીવનચરિત્ર લખેલ છે. શંકરસિંહ વાઘેલાએ કોઈ સામાજિક પ્રસંગે ભાવનગરના રાજવી પરિવારની મુલાકાત લીધી ત્યારે એમને ઓચિંતો જ એક ઉમદા વિચાર સ્ફુર્યો જે એમને દેશના વડાપ્રધાન અને એક સમયના એમના જુનિયર સાથી નરેન્દ્રભાઈ મોદીએ પત્ર લખીને શૅર કર્યો છે. એમને દેશના વિવિધ રજવાડાં પૈકી ગુજરાત-સૌરાષ્ટ્રનાં રજવાડાં દ્વારા આઝાદી જંગમાં પોતાના વિશેષાધિકારોનો ત્યાગ કરી દેશમાં પોતાના રજવાડાંની આહુતિ આપી હતી તે લોકોને પણ આ તબક્કે આદરપૂર્વક યાદ કરવા જોઈએ એવી રજૂઆત કરી છે. જયારે કાશ્મીરનું કોકડું ગૂંચવાઈ રહ્યું હતું અને હૈદરાબાદ તથા જૂનાગઢના શાસકો પાકિસ્તાન સાથે જોડાવાની પેરવી કરી રહ્યા હતા ત્યારે ભાવનગરના યુવાન મહારાજાના પગલે ગુજરાત-સૌરાષ્ટ્ર સહિત દેશનાં અનેક રજવાડાંએ ભારતીય રાજયોના સંઘ સાથે સહર્ષ જોડાવાનું સ્વીકારીને સરદાર પટેલની ચિંતા ઓછી કરી નાખી હતી. પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ લોહપુરુષ સરદાર પટેલની વિશ્વમાં સૌથી ઊંચી પ્રતિમાના લોકાર્પણ પ્રસંગે એ રાજવંશી ત્યાગમૂર્તિઓનું પણ પૂરા આદર સાથે સ્મરણ કરવાનું સમયોચિત સૂચન કર્યું છે. એમને વડાપ્રધાનશ્રીને સરદાર સાહેબનું સપનું આ રાજવંશીઓના પોઝિટિવ સહયોગ વગર ભાગ્યે જ સાકાર થઈ શક્યું હોત. સરદાર પટેલનું એ ભવ્ય સ્વપ્ન સાકાર કરવા માટે પોતાનાં રજવાડાંનું ભારતીય સંઘમાં વિલીનીકરણ કરવાની તૈયારી દર્શાવનારા એ રાજવીઓનાં નામ પણ સ્ટેચ્યુ ઓફ યુનિટીની આસપાસ શિલાપટ્ટ પર કોતરવામાં આવે તો એમને ન્યાય થયો લેખાશે. શંકરસિંહજી વાઘેલાની આ ભલામણ વડાપ્રધાને સ્વીકારી લેવી જોઈએ અને પોતાના ભાષણમાં પણ એનો સન્માનપૂર્વક ઉલ્લેખ કરવો જોઈએ. આવું ઉમદા સૂચન કરી સરતચૂકથી રહી ગયેલી ભૂલ બદલ એમને વિનમ્રતાપૂર્વક એવા રાજવી પરિવારોની ક્ષમાયાચના પણ કરી લેવી જોઈએ અને આવું સૂચન કરવા બદલ પૂર્વ મુખ્યમંત્રી 'બાપુ'નો અને આભાર પણ માનવો જોઈએ. અંગ્રેજો તો દેશ છોડીને જતી વેળાએ દેશમાં અંધાધૂંધી સરજાય અને રાજા-રજવાડાં પોતાનાં જૂના રાજયોને સ્વતંત્ર ઘોષિત કરી ભારત માટે નવી સમસ્યા સર્જવા ઈચ્છતા હતા નેપાળ, ભૂતાન અને સિક્કિમ જેવા હિમાલયની ગોદમાં વસેલાં રાજયોએ ભારત કે પાકિસ્તાન સાથે ભળવાને બદલે સ્વતંત્ર રાજય તરીકે પુનઃસ્થાપિત થવાનો વિકલ્પ સ્વીકાર્યો હતો. પાછળથી સિક્કમનું ભારતીય સંઘ સાથે જોડાણ થયું હતું. હૈદરાબાદનું અને જૂનાગઢનું ભારતીય રાજયસંઘમાં વિલીનીકરણ કરવા માટે સરદાર પટેલને ખાસ્સી જહેમત પડી હતી, તે ઈતિહાસ અજાણ્યો નથી.

# 'દીધું હોય તો દેતો જાજે...' ના ન્યાયને પોતાના જીવનમાં અમલમાં મૂકીએ



અજવાળું - અજવાળું
તુષાર જોશી

'ચાલો માણસ બનીએ' પુસ્તકનું શિર્ષક જ આકર્ષિત કરી ગયું. પહેલી નજરે લાગ્યું કે સાલું આપણે માણસ તો છીએ જ !! તો યે પછા માણસ બનવાનું ?? પણ સત્ય ઘટનાઓનું સંકલન હતું, જે લેખિકા સોનલ મોદીએ કર્યું છે... એકી બેઠકે પુસ્તકની આરપાર પસાર થઈ જવાનું બન્યું. પુસ્તક વાંચ્યા બાદની અનુભૂતિની વાત આગળ કરીશું.

માનવતાના કાર્યો સતત કરતા રહેવાથી આપણને પોતાનું જીવન અર્થપૂર્ણ બનતું લાગે એ ભાવ પુસ્તકના કેન્દ્રમાં છે. અમદાવાદમાં કાર્યરત 'દર્દીઓનું રાહત ફંડ' નામની માનવતાના કાર્યો કરતી સંસ્થાના સંસ્થાપકની વાત / સંસ્થાના આરંભની વાત - અને સંસ્થા દ્વારા કયાંક - કોઈકને મદદરુપ થવાનું બન્યું હોય એવા કેટલાક દર્દીઓની સત્યકથાઓ પુસ્તકમાં છે. જે નવભારત સાહિત્ય મંદિરે પ્રકાશિત કર્યું છે. માત્ર રૂા. વીસના દાન સાથે શરૂ થયેલી આ સંસ્થાનો આરંભ નગીનભાઈ શાહે કર્યો હતો. નિઃસ્વાર્થ ભાવે અને ઉદાર દિલે દર્દીઓની સખાવત સંસ્થા દ્વારા કરવામાં આવે છે. દર વર્ષે રૂા. એક કરોડથી વધારેની રકમ આ માર્ગે વાપરવામાં આવે છે.

આપણે બધાએ સરકારી હોસ્પિટલોમાં ગરીબ દર્દીઓને દાખલ થતા જોયા છે, દર્દી સાજો થાય એની ચિંતાની સાથે સાથે જ દર્દીની ચિકિત્સાના, સારવારના, દવાના, ફળ-ફ્રુટ કે સાથે આવેલ વ્યક્તિના ભોજન-નિવાસના રોજિંદા ખર્ચાની ચિંતા એને એથી વધુ હોય છે. અનેક જાતની વિટંબણાઓ સહન કરવી પડે છે. આ ગરીબ અને અજાણ દર્દીઓ અને તેના સગાઓને.... આ દશ્યોમાં સમાયેલી કરુમતા, લાચારી, ન વહેલા આંસુ, પ્રેમ, મજબૂરી માનસિક યાતના એ તો જેણે અનુભવ કર્યા હોય તે અથવા કોઈ સહૃદય માનવીએ આ દશ્યોને લાગણીભીની આંખે જોયા હોય તે સમજી શકો.


આવા ગરીબ દર્દીઓની મદદ કોણ કરે ? એમના તો સગા-વહાલા પણ એમના જેવા જ ગરીબ હોય !! કોણ કોને ટેકો આપે ?? સમય બદલાયો છે, લોકો આવકના દસ ટકા નહિ તો બે-પાંચ ટકા પણ ગરીબોને દાન રૂપે આપતા થયા છે, સમર્પિત ભાવે કામ કરનારા લોકો અને આવી સંસ્થાઓ છે. જે ઉત્તમ સેવા કાર્ય કરી રહી છે. ભાવનાશીલ ડૉકટરો છે, કેમિસ્ટો છે, સ્વયંસેવકો છે જે આવા દર્દીઓની પડખે તન-મન-ધનથી ઊભા રહે છે.

બાટંવાથી જુનાગઢને ત્યાંથી અમદાવાદ આવેલો એક પરિવાર એમની વહાલ સોઈ દીકરીની સારવાર માટે કાનની વાળી વેચવાની અસહાય સ્થિતિમાં આવે છે.

સમાજના ઘડવૈયા જેવા શિક્ષક લકવાની બિમારીમાં સપડાય, ગામડા ગામમાંથી રૂા. ૪૦૦ ઉધાર લઈને નીકળેલા પરિવારનો દર્દી કમળીના રોગની સારવાર લેતો થાય, ધોળકા તાલુકાના લોલીયા ગામની દીકરીને ધનુર થાય અને અમદાવાદ આવે ત્યારે સારવાર ને દવા તો ઠીક, ઘરે જાય ત્યારે પણ દસ દિવસની દવા અપાય... અમરેલીના પિયાવા ગામના દીકરાને મગજના રોગની સારવાર માટે અમદાવાદ લવાયો તો પાંચ માસ અને સાત દિવસ એની સારવાર કરાવી, ખેડા જિલ્લાના એક દર્દીની સારવાર પૈસાના અભાવે અટકે એમ હતી, એની પડખે સંસ્થા ઊભી રહી, સાડા ચાર મહિના પછી સાજા થઈને એ ઘરે પરત ગયા ત્યારે વસવસો વ્યક્ત કરતા હતા કે દર્દીઓનું રાહત ફંડમાં મારે પૈસા આપવા જોઈએ, એના બદલે મારે આ સંસ્થાની મદદ લેવી પડી... રાજપીપળાના એક ભાઈની સારવાર કરવાની વાત આવી તો દર્દી સાથો થયો ત્યાં સુધી જવાબદારી સંસ્થાએ ઉપાડી.

આવા તો અનેક કિસ્સાઓ છે. ૫૪ વર્ષના ઈતિહાસમાં... એક દળદાર ગ્રંથ બને... સંસ્થાએ એમના દાતાઓ દ્વારા વિશ્વાસથી આપવામાં આવતા એક એક પૈસાનો યોગ્ય અને સમુચિત ઉપયોગ સાચા દર્દીની જરૂરિયાતો પુરી કરવા કર્યો છે.

દર્દીઓનું રાહત ફંડ જેવી કેટલીયે સંસ્થાઓ - વ્યક્તિઓ બિમાર દર્દીઓની સારવાર - દવા માટે તેમને સહાય કરે છે. પૂર્ણપણે સમર્પિત ભાવે, કોઈ પણ જાતની પ્રસિદ્ધિના મોહ વિના, માનવ ધર્મ બજાવી રહેલા, 'દીધું હોય તો દેતો જાજે... ના ન્યાયને પોતાના જીવનમાં અમલમાં મુકી રહેલા આવા લોકો - આવી સંસ્થાઓને કોઈ એવોર્ડ મળતા નથી. એમને જોઈતા પણ નથી. પરંતુ જયારે જયારે આવી ઘટનાઓ વિશે જાણીએ છીએ ત્યારે માનવતાના દીવડા પ્રગટી રહ્યા છે અને એના અજવાળા સમાજમાં રેલાઈ રહ્યા છે એ અસ્પષ્ટ અનુભવાય છે.



# સરદાર તો અસરદાર હતા



વિચારયાત્રા
ડો. જય ઓઝા

આવતીકાલે જે મહાપુરુષની જન્મજયંતિ આપણે ઉજવવાના છીએ... તેમની જન્મતારીખ ખરેખર ૩૧મી ઓકટોબર જ છે કે નહીં, તે બાબતે ખુદ સરદાર વલ્લભભાઈ પટેલને પણ શંકા હતી.

૧૮૯૭માં મેટ્રીકની પરીક્ષા આપવા બેઠા ત્યારે તેમણે પોતે પાછળથી કબૂલ કરેલું છે તેમ, - 'મનમાં આવ્યું તે સન ૧૮૭૫ના ઓકટોબરની ૩૧મી તારીખ ઠોકી દીધી... મારી ઉંમર પૂછવામાં આવે ત્યારે મારે ગપ્પુ મારવું પડે છે.'

પરંતુ વલ્લભભાઈનો જન્મ તેમના મામાના દીકરા નારાયણભાઈના એક મહીના પછી થયો હતો. તે પ્રમાણે જોઈએ તો વલ્લલભાઈ સંવત ૧૯૩૨ના વૈશાખ સુદ (તિથિ લખાઈ નથી.) તેથી આ તારીખ સન ૧૮૭૬ના એપ્રિલની ત્રીસ અથવા મે ની સાતમી હોઈ શકે.

પરંતુ સરદારના સંતાનો અને દેશવાસીઓ ૩૧મી ઓકટોબરે તેમનો જન્મદિવસ ઊજવે છે. તેથી આ તારીખ ખોટી છે, તે જાણતા હોવા છતાં, આપણે તે સ્વીકારી લેવું જોઈએ...

સરદાર વલ્લભભાઈની જન્મતારીખ વિશે આટલી વિસ્તારપૂર્વક વાત કરવાનું મન એટલા માટે થાય કે, આ મહાન વ્યક્તિ જન્મ સાથે જ સમાધાન કરતો થઈ ગયો હતો...

આપણે સહું તેમના માતા-પિતા ભાઈઓ, પત્ની-સંતાનોની બાબતથી માહિતગાર છીએ... માટે તેનો ઉલ્લેખ ટૂંકાવવો રહ્યો.

સરદાર પટેલ દેખાવમાં સામાન્ય લાગતા... તેમના વડિલોએ પણ તેમના વિશે કોઈ ઊંચો અભિપ્રાય બાંધ્યો ન હતો... પરંતુ સરદાર કોઈ જુદી જ માટીના ઘડાયા હતા... તેઓએ મનમાં જ નક્કી કરી રાખ્યું હતુ કે, લંડન જઈને બેરિસ્ટરનો અભ્યાસ કરવો...

પત્ની ઝવેરબાનું ૨૯ વર્ષની વયે કેન્સરના કારણે મૃત્યુ થયું. અને સરદાર ઉપર દીકરી મણિબહેન અને દીકરા ડાહ્યાભાઈની ઉછેરની જવાબદારી આવી પડી. સંતાનોનાં હિત ખાતર સરદારે ફરી લગ્ન ન કરવાનો નિર્ણય કર્યો.

આ પહેલા સરદાર કરમસદ અને બોરસદ તથા ગોધરા તેમ વિવિધ જગ્યાએ વકિલાત કરતા અને વિદેશ જવા માટે પૈસા એકઠા કરવા લાગ્યા...

થોમસ કૂક નામના ટ્રાવેલ એજન્સીમાં પૈસા ભરી પણ દીધા. પરંતુ બોરસદમાં વી.જે. પટેલ (વિઠ્ઠલભાઈ પટેલ) તથા (વલ્લલભાઈ પટેલ) આ બંને ભાઈઓના શોર્ટ નેમ સરખા હોવાના કારણે થોમસ કૂક દ્વારા મોકલાયેલ વિદેશ જવાનો પરવાનો અને ટીકિટ બંને શરતચૂકથી વલ્લભભાઈના ઘરની બદલે વિઠ્ઠલભાઈના ઘરે પહોંચી ગયું.

મોટાભાઈ વિઠ્ઠલભાઈની આમાન્યા અને જિદ માથે ચડાવીને સરદારે પોતાનું વિદેશ જવાનું સ્વપ્ન જતું કર્યું. અને લગભગ ત્યારથી જ વલ્લભભાઈમાં સરદાર બનવા તરફની આંતરગતિ શરૂ થઈ. નહીંતર વિદેશ જવાના એકમાત્ર સ્વપ્ન માટે જે વ્યક્તિ દિવસ-રાત એક કરીને નાણા એકઠા કરતો હોય, તે એક ઝાટકે સંપૂર્ણ મૂડી વાપરી નાખીને બાઈને વિદેશ મોકલે તે સામાન્ય વાત ન હતી.

પરંતુ અગાઉ કહ્યું તેમ જન્મતાવેંત સરદારે Adjustment કરવાનું શીખી લીધું હતું.

બીજોએક પ્રસંગ તેમની બાગલાઈ વિશે આપણને સ્કૂલમાં ભણાવવામાં આવતો, તેમા એવો ઉલ્લેખ છે કે, સરદાર શાળામાં ભણતા હતા ત્યારે તેમને 'બાગલાઈ' બગલમાં ગુમડું થયુંહતું. અને સરદારે જાતે જ ગરમાગરમ સળીયા વડે તે ગુમડું ફોડ્યું હતું. પરંતુ આ સમયે સરદાર ૧૨-૧૩ વર્ષનાં નહીં પરંતુ ૨૨-૨૩ વર્ષના હતા.... હા એ વાત સાચી કે સરદારે હજુ તાજુ જ મેટ્રીકની પરીક્ષા આપી હતી.

પરંતુ વળી તેમા સરદારના ઘરવાળાઓની સંકુચિત માનસિકતાને કારણે સરદાર ત્રીજા નંબરનું સંતાન હતા. બંને મોટાભાઈ યોગ્ય ઉંમરે પાંચ વર્ષે ભણવા બેસી ગયા. બીજા બે નાના ભાઈબહેન લાડમાં ઉછર્યા. બચ્યા ત્રીજા નંબરના સરદાર.. તેમની માટે કોઈને કશી પરવા ન હતી. માટે તેઓ છેક નવમાં વર્ષે ભણવા બેઠા...

વાચક મિત્રો, કેતન મહેતા દિગ્દર્શીત અને પરેશ રાવત અભિનિત 'સરદાર' ફિલ્મ જો તમે ન જોઈ હોય તો, આ જન્મદિવસે તેમને સાચી ભાવાંજલિ આપવા માટે પણ અચૂક આ ફિલ્મ જોજો.

જે સરદારે ભારતની સ્વતંત્રતા માટે અને પછી તેના એકીકરણ માટે શરીરના લોહીનું પાણી કરી નાખ્યું, તે મહાત્મા વિશે સરકારી મશીનરી દ્વારા ખૂબ ઓછું મૂલ્ય આંકવામાં આવ્યું હતું. હવે આવતીકાલે આ મહામાનવને ખરી અંજલિ મળી રહી છે.

૬૦૦ જેટલા રજવાડાઓને આ લોખંડી પુરુષે ભેગા ન કર્યા હોત તો... આજે આપણે ગિરનાર ચડવા માટે વિઝા લેવો પડત...

પરંતુ ૧૯૫૦માં તેમના મૃત્યુ પછી તત્કાલીન સરદાર દ્વારા સરદારને તે માન-મરતબો ન મળ્યો જેમના તેઓ હકદાર હતા...

નહેરુ-સરદાર વચ્ચેની આંતરવિગ્રહ પરિસ્થિતિ ગાંધીજીની ઈચ્છાને માન આપીને સરદારે વડાપ્રધાનના નામમાંથી પીછેહઠ કરી તે વાત-સરદારને મુસ્લિમ વિરોધી નેતા ચીતરવાની વાત - આ બધા સરદારના જીવન સાથે જોડાયેલા એવા પાસા છે, જેમને હજી આપણે આજની પેઢીએ સમજ્યા જ નથી.

સરદાર વલ્લલભાઈ પટેલને તેમના જન્મદિવસે શત્ શત્ વંદન.

- jayuoza@gmail.com,
Mo. 9898046488

# સૌથી પહેલા 'સરદાર' કહીને અકોટી ગામના ભીખીબહેને સંબોધ્યા એ વેળાનો રસપ્રદ પ્રસંગ




આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

અખંડ ભારતના શિલ્પી સરદાર સાહેબ માનતા કે, કાર્યો એવા કરવા કે લોકોને લખવા પડે

પગ પર પગ ટેકવી બેસે છે
નમેલા ચહેરા પર ઊંડા ચાસ
મસ્તિષ્ક ઠંડુ અગ્નિ જરંતા શબ્દોનું ઉદભવ સ્થાન
તમે કદી એને બોલતા સાંભળ્યા છે
એ શબ્દો નથી ઉચ્ચારતા
ભૂખથી ભરખાતી વિરાટ પ્રજાના
હિજરાતા આત્માની તાકાતને એ એકત્રિત કરે છે
એમાંથી નીપજાવે છે શબ્દ પંખાળા શસ્ત્ર
ગંધાતા દૂરીત પ્રતિ
ધારદાર શબ્દોના ઘા કરવામાં એ રાચે છે
પણ હમણાં હમણાં એના આત્મામાંથી ગોફણ છૂટે છે
શબ્દ નહીં, પણ તાતી સંકલ્પશક્તિ
એના શબ્દો, શબ્દો નથી
કાર્યો છે...

સરદાર સાહેબની વિશ્વની સૌથી ઉંચી પ્રતિમાનુ રાષ્ટ્રાર્પણ આવતીકાલે થવા જઈ રહ્યું છે. સમસ્ત વિશ્વનું ધ્યાન આ મહામાનવ અને હિન્દુસ્તાન ભણી આદરપૂર્વક ખેંચાયું છે. ત્યારે કનૈયાલાલ મુનશીજીના આ શબ્દો યાદ આવી જાય છે. ઓગષ્ટ, તારીખ ૧૫, ૧૯૪૫માં ઉમાશંકર જોશીએ સરદાર વલ્લભભાઈ પટેલ માટે આ કાવ્ય લખ્યું હતું. જોકે ઉમાશંકરજીનું મુળ કાવ્ય અંગ્રેજીમાં હતું. સંસ્કૃતિએ આ કાવ્યનો ગુજરાતી ભાવાનુવાદ કરીને નવેમ્બર ૧૯૭૪માં પ્રકાશિત કર્યું.

'સરદાર' આ ચાર અક્ષરનું નામ પડે એટલે પ્રત્યેક હિન્દુસ્તાનીના હૃદયમાં હરખ હિલોળા લેવા માંડે. ભુજાઓમાં બળનો અહેસાસ થવા લાગે. છાતી ગજ ગજ ફુલવા લાગે. આમ તો ૧૯૨૮માં બારડોલી સત્યાગ્રહ બાદ ગાંધીજી સહિત દેશ આખાને વલ્લભભાઈની અસલ આગવી ઓળખ થઈ. સ્વાતંત્ર સંગ્રામના ઈતિહાસના પાના ફેરવતા સરદારના જીવનના સૌથી મહત્વના અને અજોડ કાર્યોની જાણકારી મેળવીએ ત્યારે એક ગુજરાતી અને હિન્દુસ્તાની તરીકે છાતી ગર્વથી ફુલે એ સ્વાભાવિક છે. તેમાય ૧૯૪૫ વર્ષ ૧૯૫૦ના પાંચ વર્ષોમાં સરદારે અખંડ ભારતના નિર્માણ માટે અદભુત કાર્યો કર્યા છે. વિવિધ સ્વાતંત્ર્ય સંગ્રામો, બાપુના મહત્વના કાર્યક્રમો, આઝાદ ભારતના ગૃહમંત્રી તરીકેની મહત્વની કામગીરી વગેરે એ સમયના અનેક અવિસ્મરણીય કાર્યોના પુસ્તકોના પુસ્તકો ભરીને વિવરણ કરવામાં આવે તો પણ ઓછું પડે. સરદાર ઓછું બોલનારા, દેખાવ ન કરનારા અને માત્ર નિષ્ઠાથી કાર્ય કરનારાઓમાંના હતા. એટલે જ ઉમાશંકરજીએ લખ્યું છે કે, 'એના શબ્દો, શબ્દો નથી, કાર્યો છે...'



ભીખીબહેન

હિંમતભાઈ મહેતાના પુસ્તક 'ચક્રવર્તી સન્યાસી સરદાર પટેલ'માં સરદારના અખંડ ભારતના શિલ્પને યાદ કરતા લખ્યું છે કે, ગંગા બીજું કશું ન કરત અને માત્ર દેવવ્રત ભીષ્મને જન્મ આપ્યો હોત તો પણ આર્યજાતિની આદરણીય માતા તરીકે સદીઓ સુધી એમને પૂજા થતી હોત. એ જ રીતે સરદારે બીજું કશું ન કર્યું હોત અને માત્ર દેશી રજવાડાઓના એકત્રીકરણનું એક જ કામ કર્યું હોત તો પણ ભારતના ઈતિહાસમાં તેમનું યોગદાન ચિરંજીવ બની રહ્યું હોત.

ઝવેરભાઈ અને લાડબાના સોમાભાઈ, નરસિંહભાઈ, વિઠ્ઠલભાઈ, વલ્લભભાઈ, અને કાશીભાઈ એમ પાંચ પુત્રોમાં વલ્લભભાઈ ચોથા નંબરના પુત્ર. આ પાંચ ભાઈઓ ઉપરાંત સૌથી નાની બહેન ડાહીબા પણ ખરી. બધા ભાઈઓમાં નાની બહેન ડાહીબા સૌથી વધુ લાડકા. સરદાર વલ્લભભાઈ પટેલના સાચા વ્યક્તિત્વના દર્શન તેમની સીધી, સ્પષ્ટ, સચોટ વાણી અને કર્યોમાં જ થાય. 'સરદાર' પટેલને સૌથી પહેલા 'સરદાર' તરીકે કોણે સંબોધ્યા હશે એ સવાલ સહેજે થાય.

વર્ષ ૧૯૨૮-૨૯ની આ વાત છે. ગુજરાતના બારડોલીમાં 'ના-કર'ની લડત એના ચરમ ઉપર હતી. કોઈપણ સરકારી મહેસુલ ભરવા તૈયાર નહતું. ટ્રીબ્યુનલ - લવાદ નિમીને ન્યાય આપવાની લોકોની સીધી સટ માગણી હતી. તત્કાલીન બ્રિટિશ સરકારે ડો. ગિલ્ડર અને કનૈયાલાલ મુનશીને મુંબઈ ધારાસભાના સભ્યોને સરકારના પ્રતિનિધિ તરીકે પરિસ્થિતિ સમજવા અને અહેવાલ તૈયાર કરવા બારડોલી મોકલ્યા. એમણે બારડોલીના નાની ફરોદ ગામે ગ્રામજનો સાથે બેઠક કરી. સરદારે ડોક્ટર ડૉ. ગિલ્ડર અને મુનશીજીનો પરિચય આપી કહ્યું, 'મુનશીજી, તમે પાટણની પ્રભુતાનો પારકો થઈ ગયેલો જુનો ઈતિહાસ લખો છો. જ્યારે અમારી ગામડાની શૂરવીર બહેનો આઝાદીનો નવો ઈતિહાસ સર્જી રહી છે તેને સમજો.'

આ ગ્રામજનોમાં અકોટી ગામના અભણ એવા ભીખીબહેન પણ હતા. ભીખીબહેન સરદારની વાણી સાંભળીને જાહેરમાં બોલતા થઈ ગયેલા. ભીખિબહેને ડો. ગિલ્ડર, મુનશીજી તથા વલ્લભભાઈને સુતરની આંટી પહેરાવી સન્માન કર્યું. પછી બધા વચ્ચે ઊભા થઈને એમણે ભાષણ આપ્યું. 'ના-કર' આંદોલન માટે પંચ નિમવાની માંગ કરીને ભીખીબેને કહ્યું કે, 'અમારી આ લડતને વલ્લભભાઈ પટેલ સાહેબનો ટેકો છે. વલ્લભભાઈ અમારા આગેવાન છે. લડતના એ 'સરદાર' છે. અને અમે તેમના સૈનિકો છીએ.' આમ ૧૯૨૭-૨૮મા અકોટા ગામની એક મહિલા ભીખીબહેને વલ્લભભાઈને પહેલી વાર 'સરદાર' કહીને સંબોધ્યા. પછી તો ભીખીબહેને ફૂલચંદ શાહ રચિત ગીત શરૂ કર્યું. હાજર રહેલા સૌએ એને ઉપાડી લીધું.

નહીં હટશે, નહીં હટશે
બહાદુર પાછા નહીં હટશે લડશે લડશે સમરાંગણમાં છોને જમીન જાય
પાછા નહીં હટશે
કુરબાની કરતા નહિ થાકે ઘૂમે રણમેદાનમાં
પાછા નહીં હટશે
જુલમ ઘંટીમાં છોને પીલે શેતાની સરકાર
પાછા નહીં હટશે
જુલમોથી રોળાયા જગમાં લાખો જુલમી રાજ
પાછા નહીં હટશે
બારડોલી સત્યાગ્રહીઓ નમાવશે સરકાર
પાછા નહીં હટશે...

બારડોલીના નાની ફરોદ ગામમાં બ્રિટિશ સરકારના પ્રતિનિધિઓ ડો. ગિલ્ડર અને મુનશીજીની હાજરીમાં ગામડાની ભીખીબહેન દ્વારા વલ્લભભાઈને 'સરદાર'નું બિરુદ અપાયાના સમાચારને એ વખતે ખાસ્સી પ્રસિદ્ધિ મળી. ગાંધીજીએ 'નવજીવન' અખબારમાં એની નોંધ લઈને સરદારને બિરદાવ્યા. ત્યારબાદ કલકત્તા હાલનું 'કોલકાતા'માં સ્વાતંત્ર સંગ્રામના લડવૈયાઓની મહત્વની બેઠક યોજાઈ. તેમાં સરદારને દેશની આઝાદીની લડતના એક આગેવાન તરીકે આગળ ધરીને 'રાષ્ટ્રના સરદાર'ની ઓળખ આપતો ઠરાવ પસાર કરવામાં આવ્યો. બારડોલીના વલ્લભભાઈ પટેલની 'રાષ્ટ્રના સરદાર' તરીકેની ઓળખ પ્રસ્થાપિત થઈ.

૫૬૨ જેટલા દેશી રજવાડાઓને એક કરીને આંખના પલકારામાં અખંડ ભારતનો નકશો બનાવનાર આ સરદારનો જોટો વિશ્વમાં જડે એમ નથી. પોતાની આવી અદભુત કામગીરીની વાહવાહી માટે સરદાર સાહેબને કોઈ ખેવના ન હતી. એમણે કોઈ લખાણ કે કોઈ ગ્રંથ પ્રકાશિત ન કર્યા કે કરાવ્યા. એ દ્રઢપણે માનતા કે લખવા કરતા લખવા જેવું કામ કરી બતાવવું વધુ મહત્વનું છે. સરદારના સહાયક વી.પી.મેનને એમના પુસ્તકમાં વિલીનીકરણ અંગે ઘણી બધી આધારભુત વિગતો પ્રસ્તુત કરી છે. તેના આધારો સહજ રીતે પ્રાપ્ય છે.

ગુજરાતના બીજા એક પનોતા પુત્ર અને ભારતના લોક લાડીલા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સરદાર સાહેબ માટે કહ્યું છે કે, સરદાર ઓછાબોલા હતા, પરંતુ દૂરદર્શિતાથી એમણે સાર્વભૌમિક ભારતનું સપનું સાકાર કરવા નીતિઓનો અમલ કર્યો. નહીં તો આજે ભારતમાં કેટલા બધા રજવાડા હોત. એ જમાનામાં જેમનો જન્મ પણ થયો ન હતો, જેમણે સરદારને જોયા પણ નથી તેઓ પણ એ વાત સ્વીકારે છે કે, ભારત આજે પણ મજબૂત રાષ્ટ્ર છે એના પાયામાં સરદારનું નકશીકામ છે.

**ધબકાર :**

લડાઈ હંમેશા બે પ્રકારની હોય છે, એક જુલ્મોની સામે અને બીજી પોતાની નબળાઈઓ સામે.

**(સરદાર સાહેબે ૧૯૩૬માં સંયુક્ત પ્રાંતના કિસાન સંમેલનમાં આપેલા વક્તવ્યમાંથી)**